# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ

**વર્ષ ૨૦૧૪-૧૫ના પ્રવેશની પ્રક્રિયા માટે તા.૨૫.૦૮.૨૦૧૪ના રોજ બપોરના ૩.૦૦ કલાકે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના કુલસચિવશ્રીઓની એક બેઠક યુનિવર્સિટી ભવન આણંદ ખાતે માન.કુલપતિશ્રી, આકૃયું તેમજ નોડલ અધિકારીશ્રી (શિક્ષણ)ના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકની કાર્યનોંધ :**

આ બેઠકમાં નીચે જણાવેલ સભ્યોશ્રીઓ હાજર રહેલ.

૧. ડો. એન.સી.પટેલ, કુલપતિશ્રી અને નોડલ અધિકારીશ્રી (શિક્ષણ) આકૃયું, આણંદ.
૨. ડો. પી.આર. વૈષ્ણવ, કુલસચિવશ્રી, આકૃયું, આણંદ.
૩. ડો. જી.જી. રાદડીયા, કુલસચિવશ્રી, નકૃયું, નવસારી.
૪. ડો.ડી.આર. કથીરિયા, નિયામકશ્રી,(આઇટી), આકૃયું, આણંદ.
૫. ડો. પી.પી. પટેલ, સહ પ્રાધ્યાપક, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર.
૬. ડો.બી.એ. મોણપરા, મદદનીશ કુલસચિવ(એકેડેમીક), જકૃયું, જુનાગઢ કુલસચિવશ્રીના પ્રતિનિધિ.
૭. ડો. જી.એમ. પટેલ, મદદનીશ કુલસચિવ(એકેડેમીક), સદાકૃયું, સરદારકૃષિનગર કુલસચિવશ્રીના પ્રતિનિધિ.

બેઠકની શરૂઆત કરતાં પહેલા કુલસચિવશ્રી, આકૃયું, આણંદએ સર્વેને આવકાર્યા. બાદમાં માન.કુલપતિશ્રીએ પ્રારંભિક ઉદબોધનમાં કરવા જણાવ્યુ કે, આકયુના કુલસચિવશ્રીની કચેરી તેમજ નિયામકશ્રી (આઇટી), આણંદના સર્વે અધિકારી/કર્મચારીઓ તેમજ તમામ ચારેય યુનિવર્સિટીના હેલ્પ સેંટર અને તેની સાથે સંલગ્ન સ્ટાફ દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ની પ્રવેશ માટેની ઓનલાઈન પ્રક્રિયા ખૂબ જ સારી રીતે કરવામાં આવેલ છે. સદરહું કામગીરીને બિરદાવી. વધુમાં પ્રવર્તમાન એડમિશનના નિયમોમાં કોઈપણ જાતની છૂટછાટ આપ્યા વિના કુલસચિવશ્રી, આણંદની કચેરી દ્વારા જે કામગીરી કરેલ છે તેની પણ ખાસ નોંધ લેવામાં આવી.

મુદ્દા નં.૧: શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫નાઁ ઓનલાઈન પ્રવેશ માટે સ્નાતક અને પોલિટેકનિકની ખાલી પડેલ બેઠકો અંગે નિર્ણય લેવા બાબત.

(અ) સ્નાતક કક્ષાએ ચાર રાઉન્ડના અંતે બાકી રહેતી બેઠકો ઉપર ચોઈસ કમ મેરીટ લિસ્ટ કોલેજ મુજબ ઉપલબ્ધ છે, તે મેરીટ યાદીમાંથી ખાલી રહેતી બેઠકોના કેટેગરી મુજબ ચાર ગણા ઉમેદવારોને બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું.

(બ) રૂબરૂ કાઉન્સેલિંગ માટેના કાર્યક્રમ Appendix-A મુજબ મંજૂર કરવામાં આવ્યો.

(ક) પોલિટેકનિકમાં બાકી રહેતી બેઠકો ઉપર સામેલ Appendix-B મુજબ રૂબરૂ કાઉન્સેલિંગ દ્વારા બેઠકો ભરવાનું ઠરાવવામાં આવ્યું.

(ડ) રૂબરૂ કાઉન્સેલિંગ પૂરું થયા બાદ જો બેઠકો ખાલી રહે તો આ બેઠકો જે તે કોલેજ/પોલિટેકનિક ખાતે ઉપલબ્ધ કોલેજ/પોલિટેકનિક વાઈઝ તૈયાર કરેલ ચોઈસ કમ મેરીટ યાદીમાંથી વિધાર્થીઓને ઈમેલ/SMS/ફોનથી જાણ કરી તા.૧૫/૦૯/૨૦૧૪ સુધીમાં પ્રવેશ પ્રક્રિયા પુર્ણ કરવી. આ તમામ પ્રવેશ પ્રક્રિયા ચારેય કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા સ્વતંત્ર પણે જે તે કોલેજ/પોલિટેકનિક કક્ષાએ આચાર્યશ્રી/ડીનશ્રી/સહપ્રાધ્યાપકશ્રી દ્વારા કરવાનું ઠરાવવામાં આવ્યું.

(ઇ) વર્ષ ૨૦૧૪-૧૫ના તમામ પોલિટેકનિકનું એકેડેમીક કેલેન્ડર Appendix-D મુજબ મંજૂર કરવામાં આવ્યું.

અગાઉના વર્ષોની પ્રવેશ અંગેની પ્રક્રિયા ધ્યાને લેતાં કુલપતિશ્રી અને નોડલ અધિકારીશ્રી (શિક્ષણ)એ નીચે મુજબના સૂચનો કર્યા જેનો અમલ આગામી વર્ષ ૨૦૧૫-૨૦૧૬થી કરવા માટે તમામ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ સાથે કુલસચિવશ્રીઓએ પરામર્શ કરી કાર્યવાહી કરવાની રહેશે.

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ના પ્રવેશ પ્રક્રિયા માટેની એક રિવ્યુ બેઠક ડિસેમ્બર-૨૦૧૪ માસ દરમિયાન બોલાવવામાં આવશે. તે અનુસંધાને અન્ય યુનિવર્સિટીના કુલસચિવશ્રીઓને ચાલુ વર્ષ દરમ્યાન થયેલ પ્રવેશ કાર્યક્રમ દરમ્યાન પ્રવેશ પ્રક્રિયા અંગે અનુભવેલ મુશ્કેલીઓ તથા કોઈ સૂચનો હોય તો તે કુલસચિવશ્રી, આણંદને મોકલી આપવા નક્કી કરેલ.

(૨) રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના પ્રવેશ અંગેના વિનિયમોને ACPC દ્વારા અપાતા પ્રવેશ અંગેના વિનિયમોની સરખામણી/જરૂરી સુધારા વધારા સૂચવવા માટે કુલસચિવશ્રી, નકૃયું, નવસારીને જવાબદારી આપવામાં આવી.

(૩) આગામી વર્ષની પ્રવેશ પ્રક્રિયા કરતા પહેલા આકયુના કુલસચિવ તેમજ મદદ.કુલસચિવ (એકેડેમીક) દ્વારા કૃષિ યુનિવર્સિટીમાં કૃષિ શિક્ષણ અને તેની તકો તેમજ પ્રવેશ પ્રક્રિયા અંગેનો એક લેખ તૈયાર કરી અને વર્તમાન પત્રો તેમજ વેબસાઇટ પર મૂકવા માટેની કાર્યવાહી કરવી.

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
જા.ક્ર.નં. ૬૧૪૭
તા. 4 SEP 2014
એકેડેમીક-૩ શાખા

3 SEP 2014

Perusal to Hon'ble V.C.

૨.......

કુલસચિવશ્રી, નવસારી દ્વારા પ્રથમ સેમેસ્ટર માટેનું સમય પત્રક અલગથી બનાવવાનું સૂચન કરવામાં આવેલ આ અંગે પ્રવેશ પ્રક્રિયા જો સમયસર પુર્ણ ના થઈ શકે તો પરિક્ષાના કાર્યક્રમમાં માત્ર પ્રથમ સેમેસ્ટરના વિધાર્થીઓ પુરતો જ ફેરફાર કરવાનું નક્કી કર્યું.

મુદ્દા ન. (૨) ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના કોમન સ્ટેચ્યુટ S.121 ડેલિગેશન ઓફ પાવર્સમાં સુધારા વધારા બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને ચર્ચાને અંતે GAU ACT 2004માં જે સુધારા થયેલ છે. તે ઉપરાંત અન્ય સ્ટેચ્યુટની અંદર પણ જે સુધારા આવશ્યક છે તેનો સમાવેશ કરવા માટે રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના કુલસચિવશ્રીઓની એક અલગ બેઠક બોલાવવી અને જરૂરી સુધારા જે તે કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળમાં રજૂ કરી સ્ટેચ્યુટ માન.રાજયપાલશ્રી અને યુનિવર્સિટીના કુલાધિપતિશ્રીને મોકલી આપવા ઠરાવવામાં આવ્યું.

મુદ્દા ન. (૩) સ્નાતક વિધાશાખામાં ડિપ્લોમામાંથી ડિગ્રી અભ્યાસક્રમમાં વિધાર્થીઓને ટ્રાન્સક્રીપ્ટ આપવા બાબતે કુલસચિવશ્રી નકૃયું., દ્વારા નમૂનો રજૂ કરવામાં આવેલ જેમાં માન. કુલપતિશ્રી દ્વારા જરૂરી સુધારા વધારા કરવા સૂચવવામાં આવેલ અને તે મુજબ નવેસરથી ટ્રાન્સક્રિપ્ટનો નમૂનો તૈયાર કરી કુલસચિવશ્રી, નવસારીએ રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટીઓને મોકલી આપવા ઠરાવવામાં આવ્યું.

વધુમાં નકૃયું, કુલસચિવશ્રી દ્વારા રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા અપાતી માર્કશીટ તેમજ ડિપ્લોમા ટૂ ડિગ્રી પ્રોગ્રામમાં વિસંગતતા જોવા મળે છે. તેવી રજૂઆત કરવામાં આવેલ છે. જે બાબતે કુલસચિવશ્રી, નકૃયું, નવસારીને આ બાબતે અન્ય કૃષિ યુનિવર્સિટીઓમાંથી માહિતી સંકલિત કરી હવે પછીની કુલસચિવશ્રીઓની મળનાર બેઠકમાં ચોક્કસ માહિતી રજૂ કરવા માન.કુલપતિશ્રી દ્વારા જણાવવામાં આવ્યું.

અંતમાં કુલસચિવશ્રી, આણંદે માન. નોડલ અધિકારી શિક્ષણ અને કુલપતિશ્રી, આણંદ અને સર્વ સભ્યશ્રીઓનો આભાર માની બેઠક પૂર્ણ કરવામાં આવી.

ન. આકૃયું/રજી/પરીક્ષા/યુજી-2/૪૫૧૩/૨૦૧૪,
તા.૨૮/૦૮/૨૦૧૪

કુલસચિવ

<u>નકલ સવિનય રવાના ઘટતું થવા સારૂં :</u>

૧. કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ/નવસારી/સરદારકૃષિનગર આપની યુનિવર્સિટીના કોલેજના આચાર્યશ્રીઓ તેમજ પોલિટેકનિકના સહ પ્રાધ્યાપકશ્રીને આપની કક્ષાએ જાણ કરવાની રહેશે.
૨. નાયબ કુલસચિવશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર/આચાર્ય/ડીનશ્રી, ડેરી સાયન્સ કોલેજ, અમરેલી.
૩. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ આચાર્યશ્રી/ડીનશ્રીઓ
૪. નિયામકશ્રી (આઇટી), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૫. સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર.
૬. સહ પ્રાધ્યાપકશ્રી, પોલિટેકનિક, કૃષિ યુનિવર્સિટી, આણંદ/જુનાગઢ/નવસારી/સરદારકૃષિનગર

<u>નકલ રવાના :</u>

૧. મદદનીશ કુલસચિવશ્રી(વહીવટ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ ઘટતું થવા સારૂં.
૨. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
૩. કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.

૪. સહ પ્રાધ્યાપકશ્રી, વેટરનરી પોલિટેકનિક, કામધેનુ યુનિવર્સિટી, હિમ્મતનગર તરફ ઘટતું થવા સારૂ.

Appencix -D

# AGRICULTURAL UNIVERSITIES OF GUJARAT
## POLYTECHNICS PROGRAMMES

***Academic Year : 2014-15***

| Sr. No. | Academic Programme | Schedule |
|---|---|---|
| | | **Odd Semester** |
| 1. | Registration & Payment of Fees | I Semester : |
| | | III & V Semester : 21-22-23.07.2014 |
| 2. | Commencement of Classes | I Semester : 01.08.2014 |
| | | III & V Semester : 21.07.2014 |
| 3. | First Internal Examination | Last week of September / First week of October - 2014 |
| 4. | Divali Vacation | 20.10.2014 to 30.10.2014 |
| 5. | Second Internal Examination | Second / Third week of November - 2014 |
| 6. | Practical Examination | First Week of December - 2014 |
| 7. | Supplementry Examination | Second Week of December - 2014 |
| 8. | Semester End Examination | Second Forgthtnight of December - 2014 |
| 9. | Semester End | 31.12.2014 |
| 10. | Next Semester Starts | 19.01.2015 |
| | | **Even Semester** |
| 1. | Semester Begins | 19.01.2015 |
| 2. | Registration & Payment of Fees | 19-20-21.01.2015 |
| 3. | Commencement of Classes | 19.01.2015 |
| 4. | Sports Week | First Forthnight of February - 2015 |
| 5. | First Internal Examination | Second/Third week of March – 2015 |
| 6. | Second Internal Examination | Second/Third week of April – 2015 |
| 7. | Pratical Examination | Second week of May-2015 |
| 8. | Supplementry Examination | Third week of May-2015 |
| 9. | Semester End Examination | Last week of May/First week of June-2015 |
| 10. | Semester End | 06.06.2015 |
| 11. | Next Semester Starts | 19.07.2015 |

**Note:-** Principal of the Polytechnic may alter the calander in concorence with respective Dean except commencement and end of the semester.